# 'અકથ્ય' વિશે થોડુંક

'વાર્તાસંગ્રહને હજુ વાર છે'થી લઈને 'હવે વાર્તાસંગ્રહ કરવો જોઈએ'ની યાત્રા એટલે 'અકથ્ય'. કાચીપાકી વાર્તાઓ લખાતી ત્યારે મનમાં એક પણ વાર એવો વિચાર આવ્યો નહોતો કે આ બધી વાર્તાઓનો એક સંગ્રહ કરવો જોઈએ. વાર્તાલેખનની બારીકીઓ વિશે સમજ આવતી ગઈ એમ એમ એ સમજ અનુસાર વાર્તાઓ લખાતી ગઈ, પ્રકાશિત થતી ગઈ. આ સંગ્રહની બધી જ વાર્તાઓ કોઈ ને કોઈ સામયિકમાં પ્રકાશિત છે. ડૉક્યુમેન્ટેશન કરવાની કચાશ અને આળસને લીધે કઈ વાર્તા ક્યારે, કયા સામયિકમાં પ્રકાશિત થઈ એ નોંધ રખાઈ નથી. વાર્તાકળા વિશે ઊંડી સમજ કેળવવામાં મને કાયમ મારા વાર્તાકારમિત્રો અને વાર્તાકળાના તજજ્ઞોનો સાથ મળ્યો છે, એ માટે હું ખુદને નસીબદાર ગણું છું. શીખતાં શીખતાં જે આવડ્યું એ બધું જ 'અકથ્ય' દ્વારા કહેવાનો એક પ્રયાસ કર્યો છે. આશા છે, વાચકો સુધી મારો આ પ્રયાસ પહોંચ્યો હશે.

# ઋણસ્વીકાર

'અકથ્ય'ની વાર્તાઓ વાંચી, એ વાર્તાઓની બારીકીઓની વિશેષ નોંધ કરી આપવા બદલ લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર શ્રી કિરીટ દૂધાતનો સવિનય આભાર.

ઘણા બધા તબક્કાઓમાંથી પસાર થયા બાદ એક વાર્તા એના પૂર્ણ રૂપે લેખક સામે ઊઘડતી હોય છે. આ અલગ અલગ તબક્કાઓ એટલે સમકાલીન મિત્રો સાથે વાર્તાનાં સારાં-નરસાં પાસાં બાબતે થયેલી ચર્ચા, વિવિધ વાર્તાશિબિરોમાં વાર્તાપઠન કર્યા પછી એ વાર્તાઓ પર વાર્તાકળાના દિગ્ગજો દ્વારા અપાયેલી ટિપ્પણીઓ અને આ બધાંમાંથી વાર્તાને યોગ્ય દિશામાં ઘાટ આપવા માટેનાં જરૂરી એવાં સૂચનોનો અમલ. 'અકથ્ય'ની વાર્તાઓનું કથાબીજ મારું પોતીકું, પણ એ દરેક વાર્તાને આખરી ઓપ આપવામાં આ બધી જ ચર્ચા, ટિપ્પણીઓનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે. હું એ તમામ વાર્તાકારમિત્રોની પણ આભારી છું.

'અકથ્ય'ના પ્રકાશન માટેની શરૂઆતી પ્રક્રિયાથી સતત સાથે રહેલા અને સમય સમય પર માર્ગદર્શન પૂરું પાડનાર મિત્ર સંજય વૈદ્યને પણ આ ક્ષણે યાદ કરું છું.

મારી વાર્તાઓને પુસ્તક રૂપ આપવા બદલ ઝેન ઓપસનો ખૂબ ખૂબ આભાર.

મારી કલમ સાથેની મિત્રતા જેના થકી સંભવ થઈ છે, મને લેખન તરફ ધકેલનાર અને જેના સાથ વિના આ પુસ્તક થઈ શકવું અશક્ય હતું એવા પ્રિય મનનને આ ક્ષણે દિલથી સ્મરું છું.

આ વાંચન આપને વધુ સમૃદ્ધ બનાવે એવી આશા સાથે 'અકથ્ય' હવે આપ સૌ વાચકોના હાથમાં.

અંતે,

શબ્દ થકી જેની સાધના કરવાનો અવસર પ્રાપ્ત થયો એવાં દેવી સરસ્વતીને નમન.



## એ સાંજ યાદ છે?

એનું નામ પ્રતીક. આ સામે દેખાય એ ફ્લૅટના બીજા માળે રહે છે. હા, પેલી ખુલ્લી બારી દેખાય એ જ ફ્લૅટ. બાકીના બધા ફ્લૅટની બારીમાં સળિયા અને દરવાજા છે, એક એના જ ફ્લૅટની બારી એકેય દરવાજા અને સળિયા વિનાની છે. અને, એટલે જ તો એના તરફ તમારું ધ્યાન પડ્યું છે! પાર્કમાં આવતાં બીજા કોઈને એ તરફ જોવાની ફુરસદ પણ નથી. પણ તમે જુઓ

છો. ચાલતી વખતેય પાછળ ફરી ફરીને જુઓ છો. રોજ કસરત કરવાના બહાને અહીં આ સાધન પર ચડીને એ બારી તરફ જોયા કરો છો. પગ તો ચાલ્યા કરે એની લય પ્રમાણે, પણ તમારા મનમાં વિચારો અટકી પડ્યા છે! જો, હજુય તમારી નજર એ બારી પર જ ચોંટી ગઈ છે!

હા, તમને જ કહું છું. કેટલા દિવસો પછી તમારું ધ્યાન પડ્યું! ચાલો, સરસ. હવે મને સાંભળી શકો છો તો આજે મારી વાત સાંભળીને જ જજો. એક મિનિટ. મારી ઓળખાણ તો તમને આપવાની જ રહી ગઈ!

નામ – xyz ના પપ્પા, મમ્મી, ભાઈ અથવા બહેન.

હા ભાઈ, માણસનાં નામ હોય, અમારું નહીં! અને મારી તો ઓળખાણ પણ જે મને સાંભળે એના પર આધારિત છે. તમે એક પિતા છો, તો હું પણ તમને એક પિતા તરીકે જ મળીશ. ધારી લો કે હું પણ એક પિતા છું.

મને ખબર છે કે તમારા મનમાં શું વિચારો ચાલે છે. તમે ઝીણવટથી બારીનું અવલોકન કરો છો. ત્યાં પડી છે પાણીની બૉટલ અને એક પુસ્તક. મતલબ, ઘરમાં કોઈક તો રહે છે, હે ને? એ ફ્લૅટમાં ટોટલ દસ માળ છે. પ્રતીક બીજા માળે રહે છે. વર્ષોથી એકલો રહે છે. બે રૂમ રસોડાનું ઘર છે. પહેલા દિવસે અચાનક તમારું ધ્યાન ત્યાં ગયું ત્યારે તમારી આંખોમાં આવેલી ચમક મેં નોંધી લીધેલી. હું તો તે દિવસથી તમારું ધ્યાન મારા તરફ વાળવાની કોશિશમાં છું. કારણમાં તો એટલું જ કે, મને ખ્યાલ છે કે જે માણસ એ બારીની એકલતા જોઈ શકે એ મને પણ સાંભળી જ શકે. સાચું કહ્યું ને?

પ્રતીક પહેલાં આવો નહોતો. બહુ મજાનો અને ખુશ રહેતો છોકરો હતો. અત્યારેય એને જોઈને એવું લાગે નહીં કે એ ખુશ નહીં હોય, પણ મને ખબર છે કે એ કેટલો એકલો છે! જેમ તમને જોઈને પણ કોઈ કહી ના શકે કે...

માણસો કેવી સિફતથી મહોરાં પહેરી લેતા હોય છે, નહીં? મેં પણ ક્યારેક મહોરું પહેરેલું. પછી એક દિવસ...

પણ મારે તો પ્રતીકની વાત કરવાની છે. તમારે તો એના વિશે જાણવું છે ને? મારી વાત કરીશું પછી. હવે તો તમે મને સાંભળી શકો છો એટલે હું તો વાતોનો ખજાનો ખોલ્યા કરીશ. પ્રતીકનો જન્મ આ જ ઘરમાં થયો, પણ

કમનસીબે એની મા હૉસ્પિટલથી પાછી જ ના ફરી. દાદીના કેળવાયેલા હાથ હેઠળ એ ઊછરતો ગયો. દિવસ આખો દાદી સાથે વીતે અને રાત પપ્પા સાથે. બંને બાપદીકરો આ બારી પાસે બેસતા. ત્યારે તો આ બારીનેય દરવાજા હતા. પપ્પા બારી ખોલે અને એમના કાલાઘેલા અવાજોથી બારી બહારનો ખાલી અવકાશ ભરાઈ જાય! પ્રતીક કહ્યા કરે, પપ્પા હવે નવી વાર્તા અને પપ્પા અલગ અલગ વાર્તાઓ ઘડ્યા કરે અને એને સંભળાવ્યા કરે! પછી તો પ્રતીક વાંચતો થયો, વાર્તાની ચોપડીઓ આવતી થઈ. છતાં, રોજ એક વાર્તા તો પપ્પા પાસેથી સાંભળવાની જ!

તમારી પાસેય તમારો દીકરો આમ જ વાર્તા સાંભળવાની જીદ કરે છે ને? એમ ચોંકી ના જાઓ. દરેક પિતાએ જીવનમાં એક વાર 'એક વાર્તા કહો ને!'વાળું વાક્ય સાંભળ્યું જ હોય! મોટા ભાગના અવગણી નાખે, તમારા જેવા હોંશથી આ વાક્ય પાછળ છુપાયેલી જીદ પૂરી કરે! પ્રતીકના પપ્પા પણ તમારા જેવા જ હોં!

પણ, વાર્તા કહેવા જેવી સામાન્ય જીદ પૂરી કરી શકે એ પિતા બીજી બધી જ જરૂરિયાત પૂરી કરી શકે એવું નથી હોતું. પ્રતીકના પપ્પા પણ મોટા થતા દીકરાની નાની, પણ દીકરા માટે બહુ મહત્ત્વની જરૂરિયાત પૂરી કરવામાં થાકી જતા. માણસ છે, ક્યારેક થાક અકળામણ સ્વરૂપે બહાર આવેય ખરા! હેં ને? અરે, તમે આમ નારાજ ના થઈ જાઓ. તમને કોઈએ કહ્યું છે કે તમારી આંખો બહુ બોલકી છે! પ્રતીક પણ આંખોથી બહુ બોલતો. દાદી ગયાં ત્યારે એની આંખોમાં રહેલો ખાલીપો વધુ ઘેરો બનેલો. પપ્પા પાસે એ પછી બહુ જીદ કરતો નહીં. જે મળે એમાં ચલાવી લેતો. પ્રતીકના પપ્પાએ આ ફેરફાર નોંધેલો, પણ દીકરો પોતાના પપ્પાને સમજવાની કોશિશ કરે છે – આ વાત એ પિતા સમજી નહોતા શક્યા!

પ્રતીક માગણી કરતો નહીં અને એના પપ્પાને થતું – હું એક પિતા તરીકેની ફરજ પૂરી પાડવામાં પાછો પડ્યો છું. મારો દીકરો હવે એકેય વસ્તુ માટે જીદ નથી કરતો! એ મોંઘાં રમકડાં, મોંઘાં કપડાં લાવવા વધુ મહેનત કરતા. પ્રતીકના જન્મદિવસે એના દોસ્તોને મોંઘી હોટેલમાં જમવા લઈ જતા.